Seat No.________

No.ofprinted page–2

[113]

SARDAR PATEL UNIVERSITY

B.A. (Semester-3rd) Examination-2022

Monday, 14th November 2022

02:00 P.M. to 05:00 P.M.

GUJARATI

UA03GGUJ51

ગ્રંથકારનો અભ્યાસ : ઝવેરચંદ મેઘાણી : 'યુગવંદના'નાં પસંદગીનાં કાવ્યો

કુલ ગુણ - ૭૦

---

પ્રશ્ન - ૧ નીચેનામાંથી કોઈપણ ત્રણ પૂર્વાપર સંદર્ભ આપી સમજાવો (૧૮ ગુણ)

૧. નવલી દુનિયા કેરાં સ્વપ્નોમાં, કવિઓએ ગાયો કસુંબીનો રંગ ;

૨. નથી જાણ્યું અમારે પંથ શી આફત ખડી છે,
ખબર છે આટલી કે માતની હાકલ પડી છે.

૩. આગે કદમ ! આગે કદમ ! આગે કદમ !
યારો ફનાના પંથ પર આગે કદમ ।

૪. ઘટમાં ઘોડા થનગને, આતમ વીંઝે પાંખ;
અણદીઠેલી ભોમ પર યૌવન માંડે આંખ.

૫. અહોરાત કરોડ કરોડ ગરીબોના પ્રાણ ધનિકોને હાથ રમે,
ત્યારે હાય રે હાય, કવિ ! તને પૃથ્વી ને પાણી તણાં શેણે ગીત ગમે ?

૬. સોંઘો સ્ત્રીના દેહનો ભૂકો : બીડીઓ વાળો .. રે !
જીવતાં જનનાં શોણિત સોંઘો : બીડીઓ વાળો .. રે !

પ્રશ્ન - ૨ ઝવેરચંદ મેઘાણીના જીવન અને સાહિત્ય સર્જનનો પરિચય કરાવો (૧૭ ગુણ)

અથવા

'યુગવંદના'ની અભ્યાસનિયત કવિતાને આધારે કવિ ઝવેરચંદ મેઘાણીની સર્જક પ્રતિભાનું મૂલ્યાંકન કરો

P.T.O.

પ્રશ્ન - ૩ નીચેનામાંથી કોઈપણ બે ટૂંકનોધના ઉત્તર આપો (૧૭ ગુણ)

૧. 'યુગવંદના'ની અભ્યાસનિયત કવિતામાં રાષ્ટ્રપ્રેમની ભાવના

૨. 'યુગવંદના' શીર્ષકની યોગ્યતા

૩. 'યુગવંદના'માં પીડિતોની સંવેદના

૪. 'શિવાજીનું હાલરડું' કાવ્યનો વિષય

પ્રશ્ન - ૪ નીચેનામાંથી કોઈપણ ત્રણ પ્રશ્નોના ટૂંકમાં મુદ્દાસર ઉત્તર આપો (૧૮ ગુણ)

૧. 'કવિ તને કેમ ગમે ?' કાવ્યમાં સામાજિક, આર્થિક વિષમતા તરફ કવિ મેઘાણી કેવો આક્રોશ પ્રગટ કરે છે ? જણાવો

૨. 'તરુણોનું મનોરાજ્ય' કાવ્યમાં કવિ યુવાનોને કેવી રીતે આગળ વધવાની હાકલ કરે છે ?

૩. 'છેલ્લો કટોરો' કાવ્યમાં ગોળમેજી પરિષદમાં જતી વેળાએ કવિ ગાંધીજીને કેવી રીતે સાંત્વન આપે છે ?

૪. 'બીડીઓ વાળનારીનું ગીત' રચનામાં શ્રમજીવી વર્ગની સંવેદના પ્રગટ કરો.

૫. 'આગે કદમ' કાવ્યમાં શહાદત માટે આગળ વધતા વીર જવાનોને કવિ કેવી રીતે પ્રેરણા આપે છે ? ચર્ચો

૬. 'શિવાજીનું હાલરડું' કાવ્યમાં માતા જીજાબાઈ કયા શબ્દોમાં બાળ શિવાજી તરફ વાત્સલ્ય ભાવ દર્શાવે છે ?

---X---